# CIMS News
# Care & Cure

Volume-4 | Issue-44 | March 25, 2014

Price : ₹ 5/-

CIMS®
Care Institute of Medical Sciences

## અંદરના પાને...

- કોમ્પ્યૂટેડ ટોમોગ્રાફી (સીટી) કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગ
- હાર્ટ ફેઈલ્યોર
- અકસ્માતમાં તાત્કાલિક સારવાર મળવાથી જીવન બચી શકે છે
- ફેફસાના ક્યા રોગો ઓપરેશનથી મટાડી શકાય?



CIMS News
Care & Cure
Volume-4 | Issue-44 | March 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

# કોમ્પ્યૂટેડ ટોમોગ્રાફી (સીટી) કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગ

## સીટી કેલ્શિયમ સ્કોરિંગ શું છે?

કૉમ્પ્યૂટેડ ટોમોગ્રાફી (સીટી) કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગનો ઉપયોગ, કોઈ દર્દીને એથેરોસ્કેરોસીસ અથવા ''આર્ટરી સખત થઈ જવી'' તરીકે પણ ઓળખાતો કોરોનરી આર્ટરી ડિસીઝ (સીએડી) છે કે કેમ તે જાણવા માટે થાય છે. જ્યારે હૃદયને ઑક્સિજન (પ્રાણવાયુ) અને લોહી પહોંચાડતી નળીઓની દીવાલો જાડી થઈ જાય અને તેમાંથી વહેલા લોહીના પ્રવાહનો માર્ગ સાંકડો બનાવે ત્યારે તે કોરોનરી આર્ટરી ડિસીઝમાં પરીણમે છે. છારી બાજી જવાને કારણે (પ્લેક બિલ્ડ) નળીઓ સાંકળી અને સખત બને છે. સમય જતા આવી છારી તૂટી શકે છે અને તે વધારે મોટો અવરોધ સર્જી શકે છે અને હૃદયરોગના હુમલામાં કે અચાનક મૃત્યુ સર્જી શકે છે. કેલ્શિયમ એ કોરોનરી આર્ટરી ડિસીઝ માટે માર્કર છે. સીટી કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગ હૃદયની મુખ્ય નળીઓની વિસ્તૃત તસ્વીર લે છે અને તેની અંદર કેલ્શિયમનો કેટલો ભરાવો થયો છે તેનું મૂલ્યાંકન કરે છે અને કેલ્શિયમ સ્કોર પૂરો પાડે છે. કેલ્શિયમ સ્કોર તબીબોને રોગનો વ્યાપ નક્કી કરવામાં, નિદાન નક્કી કરવામાં અને સારવાર માટેની યોજના નક્કી કરવામાં મદદરૂપ બને છે.

## તે શા માટે કરવામાં આવે છે?

કેલ્શિયમ સ્કોરિંગ માટેના કાર્ડિયાક સીટી સ્કેનનું લક્ષ્ય, આવા કોઈ ચિહ્નો ના હોય તો પણ સીએડી છે કે કેમ અને તે કેટલા પ્રમાણમાં છે તે નક્કી કરવા માટે કરવામાં આવે છે. કોઈ ક્લિનિકલ લક્ષણો ન હોવા છતાં સીએડી માટેના જોખમનું પરિબળ ધરાવતા દર્દીઓ માટે ફિઝિશિયન માટે તેની ભલામણ કરવામાં આવે છે. સીએડી માટેના મહત્ત્વના જોખમના પરિબળો આ પ્રમાણે છે.


- લોહીમાં કૉલેસ્ટ્રોલનું વધુ પ્રમાણ, હૃદયરોગના હુમલાનો કુટુંબનો ભૂતકાળ, ડાયાબિટીસ, લોહીનું ઊંચું દબાણ, ધૂમ્રપાન/તમાકુનું વ્યસન, વધુ પડતું વજન અથવા મેદસ્વીતા, શારીરિક નિષ્ક્રિયતા

## કેલ્શિયમ સ્કોરિંગની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે?

સીટી સ્કેનિંગમાં, શરીરની અંદરની બહુવિધ તસ્વીરો અથવા ચિત્રો મેળવવા માટે અત્યાધુનિક કમ્પ્યૂટર સાથે વિશેષ એક્સ-રે ઉપકરણને જોડવામાં આવે છે. સ્કેન માટે દર્દીઓને સીટી મશીનની અંદર સરકતા એક સાંકડા ટેબલ ઉપર સૂવડાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં સામાન્ય રીતે ૧૦ મિનિટ જેટલો સમય લાગે છે અને તેમાં કોઈ સોય કે ઇન્જેક્શનની જરૂર પડતી નથી. સીટી સ્કેન ઉપર કેલ્શિયમવાળા ભાગો 'વધારે પ્રકાશિત' દેખાય છે અને કમ્પ્યૂટર આવા ભાગોના કદના આધારે કેલ્શિયમની માત્રાનો જથ્થો નક્કી કરવા માટે સક્ષમ છે. ગણતરી કરવામાં આવેલ કેલ્શિયમના પ્રમાણને સંખ્યા તરીકે દર્શાવવામાં આવે છે.

## કેલ્શિયમ સ્કોરિંગ રીઝલ્ટ તેનો અર્થ શું છે?

- કેલ્શિયમ સ્કોરિંગ માટેનો નૅગેટિવ કાર્ડિયાક સીટી સ્કેન એવું દર્શાવે છે કે, કોરોનરી આર્ટરીસમાં કોઈ કેલ્શિયમ ભેગું થયેલું નથી. તે બાબત તેવું દર્શાવે છે કે, સીએડી નથી અથવા એટલું બધુ ઓછું છે કે આ ટેક્નિક દ્વારા તેને જોઈ શકાય તેમ નથી. આવા સંજોગોમાં આગામી ૨ થી ૫ વર્ષમાં હૃદયરોગનો હુમલો આવવાની શક્યતા અત્યંત ઓછી છે.


સિટીસ્કેન એન્જીઓગ્રાફી

- પૉઝિટિવ ટેસ્ટનો અર્થ એ થાય છે કે દર્દીને કોઈ પણ લક્ષણોનો અનુભવ થતો હોય કે નહીં તે છતાં તેને સીએડી છે. કેલ્શિયમ સ્કોર તરીકે દર્શાવવામાં આવેલ કેલ્શિફિકેશનનું પ્રમાણ, આગામી વર્ષોમાં માયોકાર્ડિયલ ઇન્ફાર્ક્શન (હૃદયરોગનો હુમલો)ની શક્યતાનું અનુમાન કરવામાં મદદરૂપ બની શકે અને દર્દીએ કોઈ સુરક્ષાત્મક દવા લેવી જરૂરી છે કે કેમ અથવા ખોરાક પર નિયંત્રણ તેમ જ હૃદયરોગનું જોખમ ઓછું કરવા કસરત જેવા અન્ય ઉપાયો હાથ ધરવા જેવા છે કે કેમ તે નક્કી કરવામાં આ બાબત કાર્ડિયોલૉજિસ્ટને મદદરૂપ બને છે.
- કેલ્શિયમના સ્કોર મુજબ સીએડીના પ્રમાણને ગ્રેડ આપવામાં આવે છે. કેલ્શિયમ સ્કોર : ૦ (સીએડીની ઉપસ્થિતિ નથી), ૧-૧૦ (સીએડી નજીવો), ૧૧-૧૦૦ (હળવો સીએડી), ૧૦૧-૪૦૦ (મધ્યમ સીએડી), ૪૦૦ થી વધુ (ગંભીર સીએડી)

## તેના લાભ વિરુદ્ધ જોખમો શું છે?

લાભો :

- કેલ્શિયમ સ્કોરિંગ માટે કાર્ડિયાક સીટી, દર્દી હૃદયરોગના હુમલાનું વધુ જોખમ ધરાવે છે કે કેમ તેની તપાસ કરવા માટેનો એક સાનુકૂળ અને શસ્ત્રક્રિયા વગરનો ઉપાય છે.
- આ તપાસમાં બહુ ઓછો સમય લાગે છે, કોઈ પીડા થતી નથી અને તેના માટે કૉન્ટ્રાસ મટીરિયલનું ઇન્જેક્શન પણ જરૂરી નથી.
- સીટી તપાસ બાદ દર્દીના શરીરમાં કોઈ રેડિયેશન રહેતું નથી.

સીટી સ્કેનમાં ઉપયોગમાં લેવાતા એક્સ-રે (ક્ષ કિરણો) સામાન્ય રીતે કોઈ તાત્કાલિક આડઅસર ધરાવતા નથી.

સીટી સ્કેનિંગ સામાન્ય રીતે, બાળકને સંભવિત જોખમને કારણે તબીબી રીતે જરૂરી ન હોય તો સગર્ભા મહિલાઓ માટે ભલામણ કરવામાં આવતું નથી.

સ્પષ્ટપણે, કાર્ડિયાક જોખમ નક્કી કરવામાં, પ્રણાલિકાગત કોરોનરી આર્ટરી ડિસીઝ જોખમના પરિબળો તેમ જ કોરોનરી કેલ્શિફિકેશનનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે સૌથી વધુ ઉપયોગી બની શકે છે.

સૌજન્ય
ડૉ. કેયૂર પરીખ
MD (USA) FCSI (India) FACC, FESC, FSCAI
ઇન્ટરવેન્શનલ એન્જિયોલોજીસ્ટ
ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ
મોબાઈલ : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪
ઇમેઇલ : keyur.parikh@cims.me


Volume-4 | Issue-44 | March 25, 2014

# CIMS ECMO

## ECMO ECLS

(Extracorporeal Membrane Oxygenation-Extracorporeal Life Support System)

**First in Gujarat, Rajasthan, Madhya Pradesh**




Hundreds of lives are saved worldwide by **ECMO System**

## ECMO is a ray of hope for patient's with:

- Multi organ failure
- ARDS & respiratory failure
- Complex congenital heart disease
- Newborns with complex respiratory disease (I.E. PPHN, MAS)
- Post cardiac surgeries and others

## ONE OF THE LARGEST ECMO TEAM OF INDIA

**ECMO Chief Co-ordinators**

Dr. Dhaval Naik +91-90991 11133
Dr. Keyur Parikh +91-98250 66664

**ECMO Critical Care/ Respiratory Team**

Dr. Vipul Thakkar +91-98254 88220
Dr. Bhagyesh Shah +91-90990 68938
Dr. Harshal Thaker +91-99099 19963
Dr. Dhanashri Atre Singh +91-82380 01977
Dr. Amit H. Patel +91-98243 10150
Dr. Nitesh K. Shah +91-98250 27487

**ECMO Neonatalogy & Pediatric Cardiac Team**

Dr. Kashyap Sheth +91-99246 12288
Dr. Shaunak Shah +91-98250 44502
Dr. Amit Chitaliya +91-90999 87400

**ECMO Cardiac Team**

Dr. Ajay Naik +91-98250 82666
Dr. Satya Gupta +91-99250 45780
Dr. Vineet Sankhla +91-99250 15056
Dr. Gunvant T Patel +91-98240 61266
Dr. Milan Chag +91-98250 66664
Dr. Urmil Shah +91-98250 66939
Dr. Hemang Baxi +91-98250 30111
Dr. Anish Chandarana +91-98250 96922

**ECMO Cardiac Surgery Team**

Dr. Dhiren Shah +91-98255 75933
Dr. Dhaval Naik +91-90991 11133
Dr. Saurabh Jaiswal +91-95867 25827



**www.cims.me/ecmo**

**ECMO Cardiac Anaesthetist Team**

Dr. Niren Bhavsar +91-98795 71917
Dr. Hiren Dholakia +91-95863 75818
Dr. Chintan Sheth +91-91732 04454
Dr. Deepak Desai +91-93270 15673

**ECMO Trauma Team**

Dr. Sanjay Shah +91-98980 00265

**ECMO Thoracic Team**

Dr. Pranav Modi +91-99240 84700

**ECMO Infectious Disease Team**

Dr. Surabhi Madan +91-97129 71863

**ECMO Perfusionist Team**

Mr. Ulhas Padiyar +91-98983 57772
Mrs. Dhanyata Dholakia +91-95864 49430

**ECMO Nursing Team**

### ECMO Packages (8 days)*

| Particulars | CIMS Rate | Subsidised from RKP Trust for less affording patient |
|---|---|---|
| ECMO (General Ward) | ₹ 4,70,000 | ₹ 3,95,000# |
| ECMO (Single Class) | ₹ 6,70,000 | --- |
| ECMO (Suite Class) | ₹ 9,00,000 | --- |

*Conditions apply

#The subsidy shall be provided to patients who fulfil the criteria of under privileged as per the Trust's screening process

Green Hospital

CIMS Care Institute of Medical Sciences

NABH ACCREDITED · NABL

**CIMS Hospital,** Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. **Phone :** +91-79-2771 2771-75 (5 lines)
**For appointment call :** +91-79-3010 1200, 3010 1008 (9 am-5 pm)
**Mobile :** +91-98250 66661 or **email on** opd.rec@cimshospital.org
**email :** info@cims.me **web :** www.cims.me

**CIMS Clinic (Maninagar)** : 1st Floor, Shant Prabha Height, Opp. Vallabh Vadi, Bhairavnath Road, Maninagar, Ahmedabad-380 008. **For appointment call** : +91-79-2544 0382-83 (M) +91-90991 82222

**Ambulance & Emergency :** +91-98244 50000, 97234 50000, 90990 11234

We are on
CIMS Application available on

CIMS News
Care & Cure
Volume-4 | Issue-44 | March 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

# હાર્ટ ફેઈલ્યોર

હાર્ટ ફેઇલ્યોર એક એવી સ્થિતિ છે કે જેમાં હૃદય, શરીરના અન્ય ભાગોમાં ખાસ કરીને કસરત દરમ્યાન પ્રાણવાયુ સભર લોહી પહોંચાડવામાં અસમર્થ રહે છે. આ એક સ્થાયી સ્થિતિ છે જેમાં ક્યારેક વધારો થાય છે. હૃદયનું પંપીગ ઘટવાથી લોહી અને પ્રવાહી શરીરનાં અન્ય ભાગોમાં જેમ કે ફેફસાં, લીવર, આંતરડા અને હાથ-પગમાં ભરાયેલુ રહે છે જેને કન્જેસ્ટીવ હાર્ટ ફેલ્યોર કહે છે.

હાર્ટ ફેઈલ્યોરનું સૌથી સામાન્ય કારણ છે-કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD), હૃદયને લોહી પહોંચાડતી નાની રક્તવાહીનીઓમાં બ્લોક. હાર્ટ ફેલ્યોરના અન્ય કારણોમાં હૃદયનાં સ્નાયુઓની નબળાઈ (કાર્ડીયોમાયોપથી), હૃદયની જન્મજાત ખોડખાપણો, વાલ્વની બિમારી અને હૃદયના અનિયમિત ધબકારાનો સમાવેશ થાય છે. આ સિવાય ફેફસાના રોગો, થાયરોઇડના રોગો તથા લોહીની ગંભીર ઉણપ (એનિમિયા)થી પણ હાર્ટ ફેઇલ્યોર થઇ શકે છે.

**લક્ષણો**

સામાન્ય રીતે હાર્ટ ફેઇલ્યોરના દર્દીમાં કફ, થાક, અશક્તિ,અંધારા આવવા, નાડી ઝડપી અથવા અનિયમિત લાગવી, હાંફ ચડવી, લીવર અથવા ઉદરમાં સોજો આવવો (મોટું થવું), સૂજેલા પગ, વજન વધવું વગેરે લક્ષણો ઉપરાંત ઝડપી શ્વાસોશ્વાસ, અનિયમિત ધબકારા અને હૃદયમાં અસામાન્ય અવાજો, પગમાં સોજા, ગરદનની નસો બહાર ઉપસવી અને ફેફસાંમાં એકઠાં થયેલા પ્રવાહીમાંથી સ્ટેથોસ્કોપ દ્વારા જોતાં અવાજ આવવો (તડતડ-ક્રેકલ) જેવા ચિન્હો જોવા મળે છે.

આવા દ્રદીને હાર્ટ ફેલ્યોર છે કે નહીં તેનું નિદાન કરવા અને તેનું કારણ જાણવા માટે ઇકોકાર્ડિયોગ્રામ, કાર્ડીયાક સ્ટ્રેસ ટેસ્ટ, એન્જીયોગ્રાફી, હૃદયનું એમઆરઆઈ અને ન્યુક્લિયર હાર્ટ સ્કેન જેવા ટેસ્ટ કરાવવામાં આવે છે. ઇકોકાર્ડિયોગ્રાફી એ નિદાન અને તેના કારણો જાણવા માટેનો સૌથી શ્રેષ્ઠ અને સરળ ટેસ્ટ છે.

**સારવાર**

દર્દીની માંદગીની ગંભીરતાને આધારે તેની સારવાર કરવામાં આવે છે.

જીવનશૈલીમાં ફેરફાર ઉપરાંત દર્દીને અમુક દવાઓ આપવામાં આવે છે જે હૃદયના સ્નાયુઓને સારી રીતે પંપ કરવામાં, લોહીને જામી જતું અટકાવા, કોલેસ્ટેરોલ સ્તર ઘટાડવામાં સહાય કરે છે.

**હાર્ટ ફેઈલ્યોર સારવાર માટેની શસ્ત્રક્રિયા**

શસ્ત્રક્રિયાનો હેતુ હૃદયને વધુ નુકસાન થતું રોકવાનો અને હૃદયની કામગીરી સુધારવાનો હોય છે જેથી દર્દીની તકલીફમાં રાહત મળે છે.

પરંપરાગત શસ્ત્રક્રિયામાં **હૃદયની બાયપાસ સર્જરી** જેથી હૃદયને લોહી પુરૂ મળે તેમજ વાલ્વ રીપેર સર્જરીનો સમાવેશ થાય છે. **વાલ્વ રીપેર સર્જરી**માં લીક થતાં વાલ્વને ફરીથી આકાર આપી રીંગ વડે રીપેર કરાય છે. આ બંને પ્રકારનાં ઓપરેશનથી પંપીગમાં સુધારો થાય છે અને હાર્ટ ફેઇલ્યોરનાં લક્ષણોમાં રાહત મળે છે.

ખાસ પ્રકારની શસ્ત્રક્રિયાઓ ડાબા ક્ષેપકને અનુલક્ષીને કરવામાં આવે છે જેમાં **વેન્ટ્રીક્યુલર રીકન્સ્ટ્રકટીવ સર્જરી** (SVR or Dor Procedure), **ઇમ્પ્લાન્ટેબલ લેફટવેન્ટ્રીક્યુલર આસિસ્ટ ડીવાઈસ** (LVAD) અને **હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનો** સમાવેસ થાય છે. SVR પ્રકારની સર્જરીમાં હાર્ટના મૃત અને પહોળા થયેલા ફુગ્ગા એવા ભાગને કાપીને હૃદયને પુન: મૂળ આકાર આપવામાં આવે છે જેથી પંપીગમાં વધારો થાય છે. હાર્ટ ટ્રાન્સપલાન્ટ સર્જરી અંતિમ ચરણમાં પહોંચેલા હાર્ટ ફેલ્યોરના દર્દીમાં કરવામાં આવે છે જેમાં હૃદયનું પ્રત્યારોપણ થાય છે. પરંતુ ખુબ જુજ કેન્દ્રોમાં થતી આ શસ્ત્રક્રિયા દાતાના અભાવે મર્યાદિત છે. આ પ્રકારના દર્દીઓ માટે બ્રીજ-ટુ-ટ્રાન્સપ્લાન્ટ તરીકે મિકેનીકલ પંપ અથવા કૃત્રિમ હૃદય જેને (LVAD) કહે છે તેનું પ્રત્યારોપણ થાય છે. જે દર્દીને ટ્રાન્સપ્લાન્ટ સુધી **આસિસ્ટ ડિવાઈસ** પહોંચાડવામાં અને ત્યાં સુધી સામાન્ય જીવન જીવવામાં મદદરૂપ થાય છે.



સીમ્સ હોસ્પિટલમાં અનુભવને આધારે જણાયું છે કે બાયપાસ સર્જરી, વાલ્વ રીપેર અને એસવીઆર પ્રકારની સર્જરીથી દર્દીની સ્થિતિમાં ઘણો સુધારો થાય છે અને તેના લક્ષણોમાં રાહત મળે છે. દર વર્ષે લગભગ ૨૫૦-૩૦૦ આવા દર્દીની શસ્ત્રક્રીયા સીમ્સમાં કરવામાં આવે છે.

અંતમાં જીવનશૈલીમાં પરીવર્તન, દવાઓ અને શસ્ત્રક્રિયાના માધ્યમથી હાર્ટ ફેલ્યોરના દર્દીની સારવાર શક્ય છે.

**સૌજન્ય**

**ડૉ. ધીરેન શાહ**
MB, MS, MCh (CVTS)
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ઇ-મેલ : dhiren.shah@cims.me

**ડૉ. ધવલ નાયક**
M.S. (Gold Medalist), DNB (CTS)
કાર્ડિયોથોરાસીક સર્જન
(મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ઇ-મેલ : dhaval.naik@cims.me

**ડૉ. સૌરભ જયસ્વાલ**
MB, MS, MCh (CVTS)
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૫૮૬૭ ૨૫૮૨૭
ઇ-મેલ : saurabh.jaiswal@cimshospital.org

CIMS News
Care & Cure
Volume-4 | Issue-44 | March 25, 2014

# અકસ્માતમાં તાત્કાલિક સારવાર મળવાથી જીવન બચી શકે છે

વિશ્વમાં ૫ થી ૪૫ વર્ષની ઉંમર વચ્ચેના યુવાન લોકોમાં મૃત્યુનાં કારણોમાં હવે ટ્રોમા (શારીરિક ઇજા) એક મુખ્ય કારણ છે. આ વય જૂથના લોકો કુટુંબ અને સમાજમાં ખૂબ જ સક્રિય અને કમાતા લોકો હોય છે. ખાસ કરીને, ટ્રોમાને કારણે થતા ઘણા ખરા મૃત્યુ અટકાવી શકાય છે. તેથી આ કારણે થતા મૃત્યુથી ઘણું નાણાંકીય, સામાજિક અને માનસિક નુકસાન છે.

ભારતમાં દર બે મિનિટે ઈજાને કારણે એક વ્યક્તિ જીવન ગુમાવે છે અને દર એક મિનિટે એક વ્યક્તિ શારીરિક ખોડખાંપણ નો ભોગ બને છે.. સમયસર અને અસરકારક સારવારના અભાવના કારણે મૃત્યુના દરમાં વધારો થાય છે.

૨૪ મી ડિસેમ્બરે ૧૧ વર્ષનો એક છોકરો, રમતો હતો ત્યારે અચાનક તે પડી ગયો અને પછી ખબર પડી કે તે એક લોખંડના સળિયા પર પડ્યો હતો જે તેના જમણી બાજુના ગળાના ભાગ પર અંદર ઘુસી ગયેલ હતો. તેના ગરદન પરના ઘામાંથી ધોધમાર રક્તસ્ત્રાવ થતો હતો અને તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી અને તેમણે રક્તસ્ત્રાવને નિયંત્રિત કરવા માટે પ્રયત્ન કર્યો પણ તેઓ તેમ કરી ન શક્યા. પછી તેને સીમ્સ ટ્રોમા સેન્ટરમાં ખસેડવા માટે સલાહ આપી અને સર્જન અને એનેસ્થેટિસ્ટ દ્વારા તે ખૂબ જટિલ કિસ્સો હતો એમ સ્વીકારીને એમ્બ્યુલન્સમાં સાથે રહ્યા.

એમ્બ્યુલન્સની અંદર રસ્તામાં જ ગંભીર રક્તસ્ત્રાવને કારણે તેને અચાનક હૃદય બંધ પડી જવાની સમસ્યા થઈ. તેમણે સીપીઆર આપ્યું અને તેને વેન્ટિલેટર પર મૂક્યો. અગાઉથી જાણ કરેલી જ હોવાથી ડૉ. સંજય શાહ અને તેમની ટીમ તૈયાર જ હતી. ઈમરજન્સી વિભાગમાં અમે સતત આક્રમક રીતે ભાનમાં લાવવાની પ્રક્રિયા (રિસુસિટેશન) ચાલુ રાખી અને સગાસંબંધીઓને ખૂબ વધુ જોખમ અંગે અને કટોકટી(ઈમરજન્સી) સર્જરી કરવાથી જીવવાની ન્યૂનતમ તક વિશે સલાહ આપી.

અમે પરવાનગી સાથે આગળ વધ્યા અને ઓપરેશન દરમ્યાન ગરદનની જમણી બાજુ એક મોટી રુધિરવાહિનીમાંથી થતા રક્તસ્ત્રાવ પર નિયંત્રણ


ઓપરેશન પહેલા


ઓપરેશન પછી

મેળવ્યું. બે કલાકના સખત પ્રયત્નો પછી શસ્ત્રક્રિયા સફળ નીવડી અને રક્ત તથા રક્ત ઘટકોના આઠ યુનિટસ્ (એકમો) આપવામાં આવ્યા હતા. દર્દી વેન્ટિલેટર પર હતો અને લગભગ ૨૪ કલાક માટે આઇ.સી.યુ.માં રાખવામાં આવ્યો. બીજા દિવસે, તે સંપૂર્ણપણે સભાન બન્યો હતો. તે બંને બાજુ હાથ-પગ હલાવતો હતો અને તેના ગરદનના ઘામાંથી રક્તસ્ત્રાવ પણ થતો નહોતો. તેણે ચાલવાનું શરૂ કર્યું અને તેને વોર્ડમાં ખસેડવામાં આવ્યો તથા ઓપરેશનના ચોથા દિવસે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

આ અનન્ય કિસ્સાને નેશનલ સર્જિકલ કોન્ફરન્સમાં પણ પ્રસ્તુત કરવામાં આવ્યો. આ બધું તમામ સુવિધા સાથેના આંતરમાળખા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને ડૉ. સંજય શાહની આગેવાની દ્વારા એક અદ્‌ભૂત ટીમ વર્ક અને દર્દીને કાર્યક્ષમ અને સમયસર સારવાર આપવાને કારણે જ શક્ય બની શક્યું.

**સૌજન્ય**

**ડૉ. સંજય શાહ**
MBBS, MS, DNB (Gen Surgery- Gold medalist),
DNB (Trauma care – Mumbai) DSTC (South Africa)
ટ્રોમા સર્જન
મોબાઈલ : +૯૧-૯૮૯૮૦ ००૨૬૫
ઇમેલ : sanjay.shah@cims.me

CIMS Care Institute of Medical Sciences

# CIMS Trauma Center

If it is **Trauma,** (Injury / Accident) it is CIMS ☎ +91-98244 50000

**Injuries are the leading cause of death and disability in children and adults.**



**Every second counts when it is an emergency**

- 10-bedded state-of-the-art trauma department with full back-up.
- Emergency operation theatre for trauma patient for urgent surgery (24 x 7) & 6 other state-of-the-art O.T.
- Well trained and efficient nursing staff and doctors.
- Full time trauma surgeon to take care of the patients continuously and dedicatedly.

**ઘરના નાના-મોટા અકસ્માતોના ઇલાજો માટે સીમ્સ ટ્રોમા સેન્ટર**



***The only centre in Western India to have protocol based management of Trauma (ATLS protocols)***

**Innumerable household injuries result in situations of trauma which require immediate medical help**

CIMS Hospital : Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. www.cims.me

## Dry Fruits & Its Health Benefits:

***Dry fruits are unique combination of essential nutrients, fiber and bioactive compounds. Including dry fruits in your daily diet regimen would lead you to innumerable health benefits.***



List of some common dry fruits and its benefits are as follows:

- Almonds (Badaam): Almonds help in the creation of new blood cells, and in proper functioning of vital organs of the body.
- Raisins: Raisins are used to relieve constipation and to treat acidosis. Raisins contain calcium and it is one of the best source of boron which is necessary for proper bone formation and absorption of calcium.
- Cashew nut: Cashew nut provides protein and fibre to body. They are an excellent source of anti-oxidants. Cashews have high copper content which is essential for producing energy.
- Walnuts: Walnuts are the only nuts which have omega-3 fatty acids in high amounts. It also contains riboflavin, thiamine, vitamin B6, folates and niacin. Walnuts are very good for heart as they reduce triglycerides levels. Regular intake of walnuts helps to increase good cholesterol levels.
- Pistachios (Pista): Pistachios contains carotenoids which are beneficial for eyes. The nut in it contains good fats which help to lower cholesterol and reduce risk of heart disease.


CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-44 | March 25, 2014


# ફેફસાના કયા રોગો ઓપરેશનથી મટાડી શકાય?

ફેફસાં એ આપણાં શ્વસનતંત્રનો સૌથી અગત્યનો હિસ્સો છે. છાતીના બંને બાજુ રહેલા ફેફસાંની જોડ હૃદયની સાથે જોડાયેલ સૌ પ્રથમ અને સૌથી અગત્યનો અંગ કહી શકાય. ક્ષતિગ્રસ્ત ફેફસા લાંબા સમયે હૃદય માટે નુકસાનકારક છે. ફેફસાના નિષ્ણાંત સર્જન કેટલાક એવા રોગોની માહિતી આપી શકે કે જેમાં ઓપરેશનથી સારવાર શક્ય છે દા.ત

૧. Empyema / Pleural effusion : ફેફસાની આજુબાજુ ચેપગ્રસ્ત પાણી ભરાઈ જવું અને તેના લીધે લાંબા સમયથી અથવા વારંવાર નળી (I.C.D. tube) મુકાવવી પડી હોય.





૨. Recurrent Pneumothorax : શ્વસન નલિકાઓમાંથી થતી હવાની લીકેજને કારણે ફેફસાની આજુબાજુ હવા ભરાઈ જવી અને શ્વાસ લેવામાં તકલીફ થવી.



૩. Hemothorax : છાતી ઉપર માર વાગવાથી અથવા લોહીની નસ ફાટવાથી ફેફસાની ફરતે તાજુ અથવા બગડેલુ લોહી જમા થઇ જવું.




૪. Hemoptysis : ફેફસાનો કોઇ બગાડ પામેલો ભાગ લોહીની નસોની દિવાલને કોરી ખાય ત્યારે ખાંસીમાં લોહી સ્વરૂપે ગળફા પડવા.




૫. Lung Cancer : ફેફસામાં થતી કેન્સરની ગાંઠો શરૂઆતના સ્ટેજમાં હોય તો ઓપરેશન કરી કાઢી શકાય અને ફેફસાને મહદ્અંશે બચાવી શકાય.




૬. Pulmonary TB : ટી.બી.ની બીમારીને કારણે જો ફેફસામાં ગાંઠો થઇ હોય અથવા ગળફામાં લોહી પડતું હોય તો ટી.બી. થી અસરગ્રસ્ત ફેફસાને કાઢી, ટીબીની દવાનો લાંબો કોર્સ કરવાથી રોગને જડમૂળથી મટાડી શકાય.



૭. Bronchiectasis : ફેફસામાં થનાર હવાની ગાંઠો કે જેના લીધે વારંવાર ન્યુમોનિયા થતો હોય છે. આ રોગથી અસરગ્રસ્ત ફેફસાનો ભાગ કાઢી લેવામાં આવે તો આ રોગથી છુટકારો મળી શકે છે.



૮. Lung Abscess : અતિ ખરાબ પ્રકારના જીવાણુંઓથી ચેપગ્રસ્ત થયેલો ફેફસાનો ભાગ કે જેમાં પરૂની ગાંઠ થઇ જાય છે. ઓપરેશનથી આ ગાંઠ કાઢી નાખવામાં આવે તો દર્દી ખુબ ઝડપથી સાજો થાય છે.



**સૌજન્ય**

**ડૉ. પ્રણવ મોદી**
MS, MCh (CVTS)
છાતીના રોગો અને લોહીની નસોના રોગોના નિષ્ણાંત
મોબાઈલ : +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦
ઇમેલ : pmsurg@yahoo.co.in


CIMS
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2012 valid upto 30th June, 2014**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription



ટૂંક સમયમાં



દુનિયાનું અત્યાધુનિક

રેડિયોથેરાપી વર્સા-એચ.ડી. (ઈલેક્ટા)
અને
સીમ્સ કેન્સર સેન્ટર

2D-RT ◆ 3D-CRT ◆ IMRT ◆ IGRT ◆ VMAT
SBRT ◆ SRT ◆ SRS ◆ BRACHYTHERAPY

CIMS
Care Institute of Medical Sciences
At CIMS... We Care
NABH
NABL

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ લાઇન) મોબાઈલ : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦ www.cims.me
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૫૭ મોબાઈલ : +૯૧-૯૯૭૯૨ ૭૫૫૫૫ અથવા
ઇમેઈલ : cims.cancer@cimshospital.org
એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪

ઉપલબ્ધ સેવાઓ
- હેડ અને નેક ઓન્કોલોજી
- બ્રેસ્ટ ક્લિનિક
- જી.આઈ. ઓન્કોલોજી
- ન્યુરો ઓન્કોલોજી
- લીમ્ફોમા અને લ્યુકોમીયા ક્લિનિક
- ગાયનેક ઓન્કોલોજી
- બોન અને સારકોમા ક્લિનિક
- પેઈન ક્લિનિક
- પેલીયેટીવ કેર ક્લિનિક
- સાયકોલોજીકલ કાઉન્સેલીંગ
- સ્પીચ થેરાપી
- ફીઝીકલ રિહેબીલીટેશન

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**